એલ.એન.કે. કોલેજ ઓફ એજ્યુકેશન(સીટીઈ)- પાટણ

# ભારતીય ભાષા ઉત્સવ-2024

## તારીખ : 10મી ડિસેમ્બર,2024

## અહેવાલ




**ઇ.આચાર્યશ્રી**

**ડૉ.ગંગારામભાઇ એન. પ્રજાપતિ**
**એલ. એન. કે. કૉલેજ ઑફ ઍજ્યુકેશન**
**(સી.ટી.ઈ.) પાટણ**

**કો-ઓર્ડિનેટરશ્રી**

ડો.કંચંબેન એસ.દુબે
ડૉ.મિનેષભાઇ ટી. પટેલ
ડો.ગિરીશભાઇ કે. ચોહાણ
**એલ. એન. કે. કૉલેજ ઑફ ઍજ્યુકેશન**
**(સી.ટી.ઈ.) પાટણ**

# એલ. એન. કે. કોલેજ ઓફ એજ્યુકેશન (સી.ટી.ઈ) - પાટણમાં "ભારતીય ભાષા ઉત્સવ-2024" કાર્યક્રમ ઉજવણી અંગેનો અહેવાલ

**તારીખ : 10મી ડિસેમ્બર,2024**

માનનીયશ્રી,


હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન અને નોર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી સંચાલિત એલ. એન. કે. કોલેજ ઓફ એજ્યુકેશનમાં તારીખ : 10મી ડિસેમ્બર, 2024ના રોજ એન.સી.ટી.ઈ. દ્વારા સૂચિત "ભારતીય ભાષા ઉત્સવ-2024" સપ્તાહ અંતર્ગત કોલેજના આચાર્યશ્રી ડૉ.ગંગારામ એન. પ્રજાપતિ અને કો-ઓર્ડિનેટર ડૉ.કંચનબેન એસ. દૂબે, ડૉ.મિનેષભાઈ ટી. પટેલ અને ડૉ.ગિરીશકુમાર કે. ચૌહાણના માર્ગદર્શન હેઠળ કોલેજમાં સ્વ અભિવ્યક્તિની ખીલવણી માટે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

કોલેજના સભાગૃહમાં "ભારતીય ભાષા ઉત્સવ-2024"ની ઉજવણી સંદર્ભે "ભાષા, સંસ્કૃતિ અને આપણે : એક પ્રાદેશિક તહેવાર" વિષયપર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમ અંતર્ગત ભાષા સપ્તાહ ઉજવણી માટે 26 પ્રશિક્ષણાર્થી ભાઈઓ અને બહેનો એ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ભાષાનું સ્વ જીવનમાં શું મહત્વ છે? માનવ જીવનમાં ભાષા પ્રત્યાયનનો વિનિયોગ તેમજ ભાષા અને સંસ્કૃતિ, ભાષા અને શિક્ષણ, વિવિધ પ્રદેશમાં ભાષા પ્રત્યાયન, ભાષાનો વ્યાવસાયિક સ્તરે વિનિયોગ અને વિવિધ ભારતીય ભાષાઓના મહત્વ શું છે? આ સંદર્ભે પ્રશિક્ષણાર્થીઓ દ્વારા અસરકારક વક્તૃત્વ અભિવ્યક્તિની રજૂઆત કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સેમ -1 ની પ્રશિક્ષણાર્થી બહેનો પંચાલ શિવાની અને ચાવડા ભાર્ગવી દ્વારા કરવામાં આવ્યું હતું.

ભારતીય ભાષાને આપણે એક ઉત્સવ તરીકે ઉજવવા કોલેજના પ્રશિક્ષણાર્થી ભાઈઓ અને બહેનો ઉત્સાહપૂર્વક ભાગ લઈને પ્રોત્સાહિત થયા હતા. કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે ડૉ. નિલેશભાઈ, ડૉ.ગિરીશભાઈ અને ડૉ.ભાવેશભાઈ દ્વારા કરવામાં આવ્યું તેમજ નિર્ણાયક દ્વારા પ્રશિક્ષણાર્થીઓને પ્રસંગોચિત વકતવ્ય પણ આપ્યું હતું. ડૉ.મિનેષભાઈ દ્વારા અસરકારક વક્તૃત્વ આપનાર પ્રશિક્ષણાર્થીઓના પરિણામની જાહેરાત કરવામાં આવી, જેમાં પ્રથમ ક્રમાંકે ઠાકોર અલ્પેશ, દ્વિતીય ક્રમાંકે વાઘેલા શક્તિસિંહ, તેમજ તૃતીય ક્રમાંકે રબારી નીશાનો નંબર આવ્યો હતો. તેમજ પ્રસંગોચિત વકતવ્ય પણ આપ્યું હતું.

વક્તૃત્વ સ્પર્ધાને અંતે એન.જી.ઈ.એસ. સંસ્થાન તેમજ એલ. એન. કે. કોલેજ ઓફ એજ્યુકેશનના પરિવાર વતી ડૉ.ગિરીશભાઈ દ્વારા આભારવિધિ કરવામાં આવી અને કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

# "ભારતીય ભાષા ઉત્સવ-2024" કાર્યક્રમની ઉજવણીના ફોટોગ્રાફ્સ


















# "ભારતીય ભાષા ઉત્સવ-2024" કાર્યક્રમની ઉજવણીના ફોટોગ્રાફ્સ













